ઠરાવ

**G. D. Est.**
**No.I/6587**

ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસિઝ ખાતામાં સાતમાં પગારપંચ મુજબ પગારધોરણ લેવલ-૪ પે મેટ્રીકસ રૂ.૨૫૫૦૦-૮૧૧૦૦ની ગ્રેડ ની ટીંડેલ (જમાદાર)ની ૦૧ ખાલી પડેલ તેમજ પ્રિવેન્સીસ વિંગની કામગીરી માટે સ્ટે.ક.ઠ નં.૬૦૬ તા.૨૬.૦૯.૨૦૨૪ તથા મ્યુ.કોર્પો ઠ નં.૩૦૧ તા.૨૫.૧૦.૨૦૨૪ થી નવી ઉધાડેલ ૦૭ મળી બઢતીથી ભરવાની થતી ૦૮ (આઠ) જગ્યા રોસ્ટર અભિપ્રાય મુજબ ૦૭ જગ્યા બિન અનામત તથા ૦૧ જગ્યા અનુ.જનજાતિના ઉમેદવારથી ભરવા માટે તા.૨૭.૦૨.૨૦૨૫ ના રોજ મળેલ ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમિટીના નિર્ણય અનુસાર ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસિસ ખાતામાં સાતમા પગારપંચ મુજબ લેવલ-૨, પે મેટ્રીક્સ રૂ. ૧૯૯૦૦-૬૩૨૦૦ ની ગ્રેડમાં ફાયરમેન તરીકે ફરજ બજાવતા કર્મચારીઓના ફાયનલ સિનિયોરીટી લીસ્ટના ક્રમાનુસાર આવતા નીચે જણાવેલ કર્મચારીઓને સાતમાં પગારપંચ મુજબ પગારધોરણ લેવલ-૪ પે મેટ્રીકસ રૂ.૨૫૫૦૦-૮૧૧૦૦ની ગ્રેડમાં મળી શકતા પગાર વત્તા નિયમ મુજબ મળી શકતાં અન્ય ભથ્થાથી ટીંડેલ (જમાદાર)તરીકે નીચે જણાવેલ શરતોને આધિન બઢતીથી નિમવામાં આવે છે.

| અનુ નં | એમ્પ્લોય નં | સિનિ.અનુ નં | નામ | જાતિ |
|---|---|---|---|---|
| ૧ | ૩૫૪૦૪ | ૧૮૦ | અબ્દુલસમદ મહેબૂબહુસેન સંધી | બિન અનામત (સા.શૈ.પ.વ) |
| ૨ | ૩૫૪૦૩ | ૧૮૧ | દિપકકુમાર મનુભાઇ પટેલ | બિન અનામત |
| ૩ | ૩૫૪૦૯ | ૧૮૨ | અંબારામ કેશવલાલ ચૌધરી | બિન અનામત (સા.શૈ.પ.વ) |
| ૪ | ૩૫૪૫૨ | ૧૮૩ | કિર્તીકુમાર કરશનભાઇ વાધડીયા (કિર્તીકુમાર કરશનભાઇ ભીલ) | અનુ.જનજાતિ |
| ૫ | ૭૨૨૨૬ | ૧૮૬ | રાજેન્દ્રકુમાર માનાભાઇ પરમાર | બિન અનામત (અનુ.જાતિ) |
| ૬ | ૩૫૪૪૯ | ૧૮૮ | ગુમાનસિંહ સુખાજી ચાવડા | બિન અનામત |
| ૭ | ૭૨૨૨૮ | ૧૮૯ | મહેન્દ્ર પાંડુરંગ માળી | બિન અનામત |
| ૮ | ૭૨૨૨૯ | ૧૯૦ | મહેન્દ્રસિંહ હિંમતસિંહ સોઢા | બિન અનામત |

શરતો:-

૧. ફાયરમેનના સિનિયોરીટી લીસ્ટના અનુ નં.(૧૭૪) ફિલેમાન ખિમજીભાઇ ડામોરે ટીંડેલની જગ્યા કરતા ઉપલી કક્ષાની નાગપુર ફાયર સર્વિસ કોલેજ દ્વારા ચલાવાતા સબ ઓફિસર કોર્સ પાસ કરેલ ન હોય તેમજ ફાયર ખાતા દ્વારા બઢતી આપવા માટે તા.૩૧.૦૭.૨૦૨૪ ના રોજ લેવાયેલ ટ્રેડ ટેસ્ટમાં નાપાસ થયેલ હોઈ તેમજ તેઓ બિમાર હોવાથી ટ્રેડ ટેસ્ટ આપી શકે તેમ ન હોવાથી તેઓનો બઢતી આપવા અંગેનો નિર્ણય બંધ કવરમાં રાખવામાં આવેલ છે.

૨. ફાયરમેનના સિનિયોરીટી લીસ્ટના અનુ નં.(૧૮૫) કલ્પેશકુમાર સોમાભાઇ પટેલ કોવિડ-૧૯ ની સેનેટાઇઝેશનની કામગીરી દરમ્યાન વધુ પડતા સોડીયમ હાઇપોક્લોરાઇડ ના સંપર્કમાં રહેવાને કારણે બિમાર હોવાથી મ્યુનિ. સામાન્ય સભા ઠરાવ નં. ૧૬૭ / ૦૧.૦૯.૨૧ મળેલ મંજુરી મુજબ તા.૩૦.૪.૨૦૨૦ થી સ્પે. સીક લીવ પર હોઈ અને ખાનગી અહેવાલ અહેવાલ ભરાયેલ ન હોઈ તેઓનો બઢતી આપવા અંગેનો નિર્ણય બંધ કવરમાં રાખવામાં આવેલ છે.

૩. ઉપરોક્ત નોંધના અનુ નં.૧ અને ૨ માં જણાવેલ ફાયરમેનને જે સમયે પ્રમોશન આપવાનું થાય અને તે સમયે ટીંડેલ (જમાદાર)ની જગ્યા ખાલી ના હોય તો તેવા સંજોગોમાં બઢતી આપવામાં આવેલ જુની.મોસ્ટ કર્મચારીને તેમની મૂળ જગ્યાએ (ફાયરમેનમાં) રીવર્ટ કરવામાં આવશે તે શરતે બઢતી આપવામાં આવે છે.

૪ ઉપરોકત કર્મચારીએ ચાર્જ લીધા તારીખથી છ માસમાં રાજય સરકાર માન્ય સંસ્થામાં સીસીસી ની પરીક્ષા પાસ કરવાની રહેશે. તથા તેની જાણ ખાતાના અધિકારીશ્રીને કરવાની રહેશે અને સબંધિત બિલકલાર્કશ્રી મારફતે તેની નોંધ સર્વિસબુકમાં રાખવાની રહેશે.

ઉપરોકત તમામ કર્મચારીએ ટીંડેલ (જમાદાર)તરીકે હાજર થઇ હાજર રીપોર્ટની નકલ એસ્ટાબ્લીશમેન્ટ ઓફીસરશ્રી(સેન્ટ્રલ ઓફિસ)ને અચૂક પણે મોકલી આપવાનો રહેશે.

આ ઠરાવનો અમલ તાત્કાલીક અસરથી કરવો.

સહી : બંછાનિધિ પાની
મ્યુનિસિપલ કમિશનર

તા.૦૨/૦૩/૨૦૨૫

ડે.શિરસ્તેદાર (સેન્ટ્રલ ઓફીસ)